સત્યમેવ જયતે

દાખલ તારીખ:– ૨૯/૦૩/૨૦૨૩
ફેસલ તારીખ:– ૩૦/૦૩/૨૦૨૪
કુલ સમય ગાળો:–
વર્ષ, માસ, દિવસ

**સુરતના ૧૦ માં એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં**

<u>ક્રિ.કે.નં. ૪૩૩૫૦/૨૦૨૩</u>

આંક–

ફરીયાદી:– શ્રી સરકાર.

**<u>વિરુધ્ધ</u>**

આરોપી:– **અમન ઉર્ફે ઈલુ શિવકુમાર બંસલ**
ઉ.વ. ૩૧ ધંધો–નોકરી,
રહે. જી–૨૨, ૨૬૧, સેક્ટર–૭, રોહીણી, ન્યુ દીલ્હી

**<u>ગુન્હો:– ઈ.પી.કોડની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ–૬૬(સી), ૬૭ મુજબ.</u>**

**ફરીયાદપક્ષે:– મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી પક્ષે :– વિ. વ. શ્રી આર.બી. લાઠીયા**

## ચુકાદો

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત :

ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓ ફરીયાદી નાઓની સાથે મોબાઈલમાં વોટસઅપમાં વીડીયો કોલ કરતા હોય જે વીડીયો કોલ દરમ્યાન સ્કીનશોટના ન્યુડ ફોટાઓ આ કામના આરોપીએ રેકોર્ડ કરી તે સ્કીનશોટના ન્યુડ ફોટાઓ ફરીયાદીને બદનામ કરવા ફરીયાદીના ભાઈ સાહેદ આદીત્ય દેવરતન જાતે સિંહ નોની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. iamadi98 પર આરોપી બનાવેલ ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. simmi759511 ઉપર થી મોકલી ફરીયાદીને બદનામ કરી ગુનો કરેલ છે તેમજ આરોપીએ વીડીયો કોલ દરમ્યાન લીધેલ સ્કીનશોટના ન્યુડ ફોટાઓ તેના મોબાઈલ માથી ડીલીટ કરી મોબાઈલ તોડી પુરાવાનો નાશ કરી ગુનો કરી, ઈ.પી.કોડની કલમ- ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ- ૬૬સી, ૬૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે.

(૨) ન્યાયિક કાર્યવાહી:

(૨.૧) સદર ચાર્જશીટ ના કેસ ના પેપર્સ વંચાણે લઈને આરોપીઓ વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાના હેતુથી સમન્સ કાઢવાનો હુકમ થયેલ. ત્યારબાદ, આરોપીને સમન્સ બજી જતા આરોપીઓ હાજર થતા તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કબૂલ કરેલ નથી, જેથી આરોપી વિરૂધ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલાં છે :-

## :: મૌખિક પુરાવા ::

| અ.નુ.નં | મૌખિક પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી હર્ષાબેન દેવરતન સિંહ ની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૨. | સાહેદ આદિત્ય દેવરતન સિંહ ની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |
| ૩. | પંચ સાહેદ અખિલ નરેન્દ્ર જીતવાનીની સોગંદ ઉપરની જુબાની | ૧૯ |
| ૪. | ત.ક.અ. બાબુભાઈ ભીમભાઈ કરપડાની સોગંદ ઉપરની જુબાની | ૨૨ |
| ૫. | પંચ સાહેદ ધર્મેન્દ્ર પપ્પુસીંગ ની સોગંદ ઉપરની જુબાની | ૩૧ |
| ૬. | પંચ સાહેદ ગોકુલભાઈ સોનુ પાટીલ ની સોગંદ ઉપરની જુબાની | ૩૨ |

## :: દસ્તાવેજી પુરાવા ::

| અ.નું.નં | દસ્તાવેજી પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | સી ડી કબ્જે કર્યા અન્ગેનુ પંચનામું | ૨૦ |
| ૩. | અટક પંચનામું | ૨૩ |
| ૪. | ૬૫(બી) પ્રમાણપત્ર | ૨૫ |
| ૫. | સી.ડી.આર. તેમજ એફ.એસ.એલ. ખાતે કરેલ પત્રવ્યવહાર | ૨૬–૩૦ |

ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સીવાય વિશેષ કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

(૩.૧) ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો આપવો ન હોય ફરિયાદ પક્ષે મૌખિક પુરાવાથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષ ધ્વારા રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કેસમાં આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આ કામના આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપીને જણાવેલ કે તમામ પુરાવા મારી અથવા મારા દ્વારા નિમાયેલ વકીલશ્રીના સમક્ષ લેવામાં આવ્યા

છે અને બાકી તમામ સવાલોના જવાબો નકારમાં આપી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. આરોપીનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ આ કામે સરકાર શ્રી તરફે વી.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રીની દલીલ એવી છે કે ફરિયાદ પક્ષે આરોપી સમક્ષ આક્ષેપિત ગુનાઓને નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે. જયારે આરોપી તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ કે ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેઓના કેસ મા શંકા ફલિત થાય છે.

(૪)મુદાઓ:

સદર કામે બંને પક્ષની દલીલો તથા રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ને ઘ્યાને લેતા નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે:

(૪.૧) શું ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીનાઓ ફરીયાદી નાઓની સાથે મોબાઈલમાં વોટસઅપમાં વીડીયો કોલ કરતા હોય જે વીડીયો કોલ દરમ્યાન સ્કીનશોટના ન્યુડ ફોટાઓ આ કામના આરોપીએ રેકોર્ડ કરી તે સ્કીનશોટના ન્યુડ ફોટાઓ ફરીયાદીને બદનામ કરવા ફરીયાદીના ભાઈ સાહેદ આદીત્ય દેવરતન જાતે સિંહ નોની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. iamadi98 પર આરોપી બનાવેલ ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. simmi759511 ઉપર થી મોકલી ફરીયાદીને બદનામ કરી ગુનો કરેલ છે તેમજ આરોપીએ વીડીયો કોલ દરમ્યાન લીધેલ સ્કીનશોટના ન્યુડ ફોટાઓ તેના મોબાઈલ માંથી ડીલીટ કરી મોબાઈલ તોડી પુરાવાનો નાશ કરી ગુનો કરી, ઈ.પી.કોડની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ– ૬૬સી, ૬૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે કે કેમ?

(૪.૨) શું હુકમ ?

(૫) મુદાઓ ઉપર નિર્ણય:

ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૫.૧) નકારમાં.

(૫.૨) આખરી હુકમ મુજબ.

(૬) કાયદાકીય બિંદુ, પુરાવાનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

(૬.૧) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે અને ફરિયાદ પક્ષે પોતાની હકીકતો નિ:શંકપણે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઈ અપવાદ નો લાભ લેવા માગતા હોય તો તેમણે પુરાવાની કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતા વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. આમ, ઉપરોકત સિધ્ધાંતો ધ્યાને રાખતા ફરિયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન આરોપી વિરૂધ્ધ આક્ષેપિત તહોમતને અનુરૂપ મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૬.૨) આ કામે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ –૬૬સી, ૬૭ ના તત્વોના અનુસંધાને પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક– ૧૨ થી ફરીયાદી હર્ષાબેન દેવરતન સિંહને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઉપરોક્ત સરનામે તેઓના માતા પિતા સાથે રહે છે અને આર્કિટેક્ટનો વ્યવસાય કરે છે. સને–૨૦૧૪ ની સાલમાં તેઓની અમન શિવકુમાર

બંસલ સાથે મિત્રતા થયેલી અને તેઓ અવાર નવાર ફોન ઉપર વાતચીત કરતા હતા તે સમય દરમ્યાન એક દિવસે તેઓની વચ્ચે ફોન ઉપર ઝગડો થઇ ગયેલ હતો. ઝગડા બાદ તેઓના બંનેના માતા પિતાઓને ઝગડો બાબતની જાણ થતા તેઓએ બંને પક્ષે સમાધાન કરાવી આપેલ હતુ. બાદમાં મોબાઈલ ઉપરની વાતચીતમાં ફરી તેઓની વચ્ચે ઝગડો થતા તેઓએ આવેશમાં આવી જઇ અલથાણ પોલીસ સ્ટેશનમાં અમન બંસલ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ હતી.

આ કામના ફરીયાદી ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માં ગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત સાહેદે જણાવેલ નથી.

આ કામના ફરીયાદી બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, આ કામના આરોપી જોડે તેઓની સામાન્ય બોલાચાલી થયેલી અને આવેશમાં આ ફરીયાદ લખાવેલી, તે સિવાય બીજું કંઈ બનેલું નહી. તેઓએ ફરીયાદમાં ફક્ત સહી કરેલી તેમાં શું લખેલું છે તેની તેઓને કોઈ જાત માહિતી નથી.

(૬.૩) આંક– ૧૭ થી સાહેદ આદિત્ય દેવરતન સિંહને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ નોકરી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. હર્ષાબહેન સંબંધે તેઓના સગા બહેન થાય છે. તેમની સાથે બનેલ બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી. પોલીસે તેઓની પુછ પરછ કરી તેઓનું નિવેદન લીધેલું હોય તેવું બનેલ નથી.

આ કામના સાહેદ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માં ગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત સાહેદે જણાવેલ નથી.

આ કામના સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૬.૪) આંક– ૧૯ થી પંચ સાહેદ અખિલ નરેન્દ્ર જીતવાનીને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આશરે એક વર્ષ પહેલા પોલીસે તેઓની એક લખેલા કાગળ ઉપર સહી લીધેલી. સદર કાગળમાં શેની વિગત લખેલી હતી તે તેઓ જાણતા નથી કે, સદર કાગળ તેઓએ વાંચેલ નહિ. પોલીસના કહેવાથી તેઓએ સહી કરેલી.

આ કામના સાહેદ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માં ગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત સાહેદે જણાવેલ નથી.

આ કામના સાહેદ બચાવપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, તેઓ ફક્ત તૈયાર પંચનામામાં સહી કરેલી, બીજું કંઈ જાણતા નથી.

(૬.૫) આંક– ૨૨ થી ત.ક.અ. બાબુભાઈ ભીમભાઈ કરપડાને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૨૩ મા પોલીસ ઈન્સપેક્ટર તરીકે અલથાણ પો.સ્ટેમા ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા–૯/૨/૨૦૨૩ ના રોજ આ કામના ફરીયાદીની આંક–૧૩ વાળી ફરીયાદ દાખલ થઈ આવતા જેની તપાસ તેઓને મળતા તેઓએ સંભાળી લીધેલી. તપાસના કામે તેઓએ આરોપીના શરીર સ્થિતીનું તેમજ મોબાઈલ તેમજ સીડી કબ્જે કરેલ તે અંગેના બે પંચનામાઓ બે બે પંચો સાથે રાખીને તેઓએ કરેલા. જે બંને પંચનામાઓની ઝેરોક્ષ નકલ તેઓને બતાવવામાં આવે છે જેમા પંચોની સહીઓ તેમજ રુબરુ તરીકે તેઓની સહી છે. આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આ કામે ફરીયાદીના ભાઈનાઓએ આપેલ ૬૫(બી) નુ પ્રમાણપત્ર તપાસના કામે રજુ રાખેલ. તેમજ આ કામે તેઓએ સીડીઆર બાબતે કરેલ પત્રવ્યવહાર તેમજ એફએસએલ ખાતે

કરેલ પત્ર વ્યવહારના કાગળો આ કામે સામેલ રાખેલ છે. આ કામે તેઓએ જે તે સમયે આરોપીને અટક કરેલ તેમજ તેમની વિરુધ્ધ પુરતો પુરાવા હોય ચાર્જશીટ કરેલ.

(૬.૬) આંક– ૩૧ તથા આંક–૩૨ થી પંચ સાહેદ ધર્મેન્દ્ર પપ્પુસીંગ તથા ગોકુલભાઈ સોનુ પાટીલને તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૨/૦૩/૨૦૨૩ ના રોજ પોલીસે તેઓના એક લખેલા કાગળ ઉપર સહી લીધેલી. સદર કાગળમાં શેની વિગત લખેલી હતી તે તેઓ જાણતા નથી કે, સદર કાગળ તેઓએ વાંચેલ નહિ. પોલીસના કહેવાથી તેઓએ સહી કરેલી.

આ કામના સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય વિ.પી.પી.શ્રીએ ઉલટતપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલ છે અને આવા સૂચક પ્રશ્નો પૂછવા છતાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે તવી કોઈ હકીકત સાહેદે જણાવેલ નથી.

(૬.૭) આ બાબતે કાયદાની પરીસ્થિતી જોવામાં આવે તો આરોપીના સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ–૬૬સી, ૬૭ મુજબ નો ગુનો દાખલ થયેલ છે જેથી તે કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખવુ અત્રેની કોર્ટ જરૂરી સમજે છે.

(૬.૮) ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૦ ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તેમા કોઈ વ્યકતિ કોઇ બીજી વ્યકિતની બદનક્ષી કરે તો અંગેની સજાની જોગવાઈઓ આપવામા આવેલ છે. ભારતીય દંડ સહિતાની કલમ – ૨૦૧ જોવામા આવે છે તો તેમા જે કોઈ વ્યકતિ ગુન્હેગારને બચાવવા માટે ગુનાનો પુરાવો ગુમ કરે તો અથવા ખોટી માહિતી આપે તો તે અંગે સજાની જોગવાઈ છે. ઈન્ફરમેશન ટેકનોલોજી એકટની કલમ – ૬૬–સી જોવામાં આવે તો તેમા આઈડેન્ટીટી થેફ્ટ કર્યા અંગેની સજાની જોગવાઈ છે. તેમજ તે અધિનિયમમાં

કલમ – ૬૭ માં અશ્લીલ સામ્રગીને ઈલેકટ્રોનીક ફોર્મમાં જાહેર કે ટ્રાન્સમીટ કર્યા અંગેની સજાની જોગવાઇ છે. આ કામે તપાસમાં આવેલ સાહેદો તેમજ રેર્કર્ડ ઉપર રજુ થયેલ તમામ પુરાવા જોવામાં આવે તો આ કામના ફરિયાદી જણાવે છે કે આરોપી સાથે ઝધડો થતા આવેશમા આવી જઈ ફરિયાદ લખાવેલ છે. તે સિવાય આ કામના ફરિયાદીના ભાઈ જણાવે છે કે તેઓને બનાવ બાબતે કોઈ જાત માહિતી નથી. વધુમા, આ કામના તપાસ કરનાર અધિકારી પણ પોતાની જુબાનીમાં તેમની તપાસમાં શુ ખુલેલુ તેની કોઇ વિગત જણાવતા નથી.જેથી રેર્કડ ઉપર આવેલ પુરાવાના મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપીએ આ કામના ફરિયાદીએ કે કોઈ બીજા વ્યકતિની બદનક્ષી કરેલ હોય, કોઈ પુરાવાનો નાશ કરેલ હોય, કોઈ અશ્લીલ સામ્રગીને પ્રકાશિત કે ટ્રાન્સમીટ કર્યુ હોય કે કોઈ ફેક ઇન્સ્ટાગ્રામ આઇડી બનાવી આઈડેન્ટીટી થેફ્ટ કરેલ તેવો લેશ માત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ ઉપર જણાવેલ ગુનાઓ કરેલ હોય તે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૬.૯ )હાલના કામે તપાસવામાં આવેલ ફરીયાદી તેમજ સાહેદોની જુબાનીનુ વિશ્લેષણ કરતા, આરોપીને આ ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી અને ફરીયાદપક્ષ ધ્વારા કરેલ  રજુ સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેતાં ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે આ કામના આરોપીનાઓ ફરીયાદી નાઓની સાથે મોબાઈલમાં વોટસઅપમાં વીડીયો કોલ કરતા હોય જે વીડીયો કોલ દરમ્યાન સ્કીનશોટના ન્યુડ ફોટાઓ આ કામના આરોપીએ રેકોર્ડ કરી તે સ્કીનશોટના ન્યુડ ફોટાઓ ફરીયાદીને બદનામ કરવા ફરીયાદીના ભાઈ સાહેદ આદીત્ય દેવરતન જાતે સિંહ નોની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. iamadi98 પર આરોપી બનાવેલ ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. simmi759511 ઉપર થી મોકલી ફરીયાદીને બદનામ કરી ગુનો કરેલ છે તેમજ આરોપીએ વીડીયો કોલ દરમ્યાન લીધેલ સ્કીનશોટના ન્યુડ ફોટાઓ તેના મોબાઈલ માથી ડીલીટ કરી મોબાઈલ તોડી પુરાવાનો

નાશ કરી ગુનો કરી, ઈ.પી.કોડની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ–૬૬સી, ૬૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે.

(૬. ૧૦ ) ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય સદરહું ગુનામાં આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી, જેથી મુદા નં.૧નો જવાબ "નકાર "માં ઠરાવી આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાના મંતવ્ય ઉપર આવી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

આ કામના આરોપી **અમન ઉર્ફે ઈલુ શિવકુમાર બંસલ,** ઉ.વ. ૩૧, ધંધો–નોકરી, રહે. જી–૨૨, ૨૬૧, સેક્ટર–૭, રોહીણી, ન્યુ દીલ્હીનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૦,૨૦૧ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૮ ની કલમ –૬૬સી, ૬૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આરોપી આજરોજ કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ, હાલના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવવામાં આવેલ હોય તેથી ચુકાદો જાહેર કરવામાં વિલંબ ટાળવા સારૂ હાલનો ચુકાદો ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૬(૬) અન્વયે આરોપીની ગેર હાજરીમાં જાહેર કરવામાં આવેલ છે.

આ કામે કબ્જે કરવામા આવેલ મુદ્દામાલનુ અપીલ પીરીયડ વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવુ.

આરોપીએ અગાઉ આપેલ બેઈલ બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ફરોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ પીરીયડ સુધી આરોપીએ રૂા. ૧૦,૦૦૦/– પુરાનાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ  ૩૦ માહે માર્ચ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૪ (આશિમા ગર્ગ)
સુરત ૧૦માં એડી.સિવિલ જજ અને જયુડી.મજી.ફ.ક.,સુરત.
જીજે૦૧૬૫૪